અપીલ અરજી નં.૧૪૮ તા.૧૮ –૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુર્યકાંન્ત બુધાભાઈ પાટીલ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધના)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુર્યકાંન્ત બુધાભાઈ પાટીલની તા.૨૦–૭–૦૯ ની અરજીથી અવિરભાવ સોસા.–૩ , પ્લોટ નં. ૧ એ,બી ૦એ–૦૫–૦૦૨૧–૦–૦૦૧, પ્લોટ નં.૨ એ,બી ૩૦એ–૦૫–૦૦૨૧–૦–૦૦૧ ની તુમારની કોપી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૮–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૮/૨૦૦૯–૧૦

શ્રી સુર્યકાંન્ત બુધાભાઈ પાટીલની તા.૨૦–૭–૦૯ ની અરજીથી અવિરભાવ સોસા.–૩ , પ્લોટ નં. ૧ એ,બી ૩૦એ–૦૫–૦૦૨૧–૦–૦૦૧,પ્લોટ નં.૨ એ,બી ૩૦એ–૦૫–૦૦૨૧–૦–૦૦૧ ની તુમારની કોપી આપવા બાબત કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ/૭૬૪ તા.૧૧–૮–૦૯થી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૯ તા.૨૯–૮–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૧૧ તા.૫–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તથા ત્રાહિત વ્યકિત તરીકે શ્રી ચંદ્રકાંત બુધાભાઈ પાટીલને પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૯૫ તા.૨૯–૭–૦૯ ના રોજ આરટીઆઈની કલમ–૧૧ મુજબ પાઠવેલ પત્રની નકલ, ત્રાહિત વ્યકિતએ લીધેલ વાંધાની તા.૧–૮–૦૯ ની નકલ, અરજદારને પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૬૪ તા.૧૧–૮–૦૯ ના પત્રથી ત્રાહિત વ્યકિતએ વાંધો ઉઠાવી માહિતી નહીં આપવા જણાવેલ કલમ–૧૧(૨) મુજબ ઈન્કાર કર્યાના જાહેર માહિતી અધિકારીના પત્રની નકલ તથા તેના યુપીસી કર્યાના પુરાવાની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની આઈ ડી. નં.૨૧૦(૬૦૦/૨૪૦)તા.૨૦–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કલમ–૧૧(૨) હેઠળ ઈન્કાર કરવાથી અરજદારે તા.૧૮–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૩૦એ–૦૫–૦૦૨૧–૦–૦૦૧,પ્લોટ નં.૨ એ,બી સ્વર્ગસ્થ ગંગુબેન બુધા પાટીલના નામે ચાલ છે જેમનું તા.૧૦–૨–૦૯ ના રોજ અવસાન થયેલ છે અમે એપેલેન્ટ તેમના સગા પુત્ર છીએ અને મિલ્કતના સીધી લીટીના વારસદાર થતા હોય રેકર્ડ ઉપર ચઢાવવા માંગીએ છીએ તેથી તુમારની જરૂર છે જે મેળવવા અમે કાયદેસરના હકદાર છીએ. અમારા મર્હુમ માતા શ્રી ગુજરી ગયા હોવા છતાં ત્રાહિત પક્ષકારે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવે છે. જેથી આરટીઆઈની કલમ–૧૧(૨) હેઠળ કરેલ ઈન્કાર ગેરકાયદેસર છે. મિલ્કતના માલિક વાંધો લેવા આવી શકે તેમ નથી એ હકીકત જાણવા છતાં ઈન્કાર કર્યાનો હુકમ રદ કરવો અને અરજદારને પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૯૩ તા.૨૯–૭–૦૯ આઈ ડી નં.૧૫૬ (૬૦૦/૧૮૯) તથા પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૬૪ તા.૧૧–૮–૦૯ આઈ ડી નં.૨૧૦ (૬૦૦/૨૪૦) બંને પત્રોથી કલમ–૧૧(૨) હેઠળ કરેલ ઈન્કાર અરજીનો નિકાલ કરવા જણાવેલ છે.

અરજદારની અપીલ અરજીમાં કરેલી રજૂઆત અને સાથે રજૂ કરેલા પુરાવા જોતાં અરજદારના પિતાશ્રી બુધાભાઈ હીલાલ પાટીલના તા.૨૫–૧૨–૦૭ ના તથા તેમના માતૃશ્રી ગંગુબેન બુધાભાઈ પાટીલ તા.૧૦–૨–૦૯ ના રોજ મરણના દાખલા રજૂ કરેલ છે તેમજ કુંટુંબનું રેશનકાર્ડ રજૂ કરેલ છે. બંને મર્હુમના કુંટુંબીજનોના પુત્ર ચંદ્રકાંત પાટીલ, સૂર્યકાંત પાટીલ, રાજેશભાઈ પાટીલ તથા સાગરભાઈ પાટીલ તથા પુત્રી માયાબેન પાટીલ તથા પૌત્રી મોનાબેન તથા પુત્રવધુ છાયાબેન પાટીલ વિગેરેના નામો જણાવેલ છે. અરજદારે અપીલમાં જણાવ્યા મુજબ મર્હુમ વ્યકિતઓ વાંધો લઈ શકે તેમ નથી જેથી ત્રાહિત વ્યકિતના ઈન્કાર અંગે ગેરકાયદેસર રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ દફતરે નોંધાયેલ વ્યકિતને કલમ–૧૧ ની નોટીસ પાઠવી અભિપ્રાય મેળવવાનો હોય છે. જે મુજબ મિલ્કતના સરનામે ચંદ્રકાંત બુધા પાટીલને કલમ–૧૧ નોટીસ બજાવવામાં આવેલ છે. તથા સમર્થનમાં તા.૨૯–૭–૦૯ ના જાહેર માહિતી અધિકારીના અરજીના નોંધ વિભાગની તેમજ તા.૫–૯–૦૯ ની પૂરક વિગતના પત્રોની નકલમાં આ મિલ્કત શ્રી ચંદ્રકાંત પાટીલના નામ દાખલ હોવાનું જણાવેલ છે. જેમને સદર માહિતી જાહેર કરવા બાબતે તા.૧–૮–૦૯ ના રોજ લીધેલ વાંધાની નકલ રજૂ કરેલ છે. અરજદારની અપીલ અરજીમાં બાબત હેઠળની મિલ્કતધારકના પુત્ર થતાં હોવાના નાતે મિલ્કતમાં હિતધારક હોવાની રજૂઆત કરી તેઓએ માહિતી પૂરી પાડવા આગ્રહ રાખેલ છે.

અરજદારની રજૂઆત ધ્યાને લેતાં અને પુત્રના દાવાના તેમના સગપણને ધ્યાને લેતાં પ્રસ્તુત કેસ આરટીઆઈ એકટની કલમ–૮(૧) (ચ) અન્વયે વિશ્વાસનીય સબંધથી મળી શકતી માહિતી બાબતે માહિતી જાહેર કરવા બાબતે અપવાદ જાહેર

કરવામાં આવેલ છે. સિવાયકે જાહેર હિતમાં સક્ષમ સત્તાને તેવી માહિતી જાહેર કરવી આવશ્યક ગણાય. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આ જોગવાઈ હેઠળ માહિતીનો કોઈ ઈન્કાર કરેલ નથી. જે ઈન્કાર કરવામાં આવેલ છે તે કલમ–૧૧ હેઠળ છે. અને કલમ–૧૧ ના અપવાદની જોગવાઈ ધ્યાને લેતાં વેપાર અને વાણિજયના રહસ્યો જે કાયદાથી રક્ષિત છે તે સિવાયની બાબતોમાં ત્રાહિતને થતાં સંભવિત નુકશાનની સામે જાહેર હિત વધુ અગત્યનું હોય તો માહિતી જાહેર કરી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. ત્રાહિતે લીધેલા વાંધામાં તેમને કોઈ કારણ જણાવેલ નથી કે જાહેર કરવાથી તેમને થતાં નુકશાનની કોઈ વિગતો જણાવેલ નથી. તેમ છતાં ત્રાહિત ધ્વારા રજૂ થયેલ દસ્તાવેજો પૂરતા ત્રાહિતનો વાંધો આંશિક રીતે ગ્રાહય રાખવામાં આવે છે.

આરટીઆઈ કાયદાના આમુખ ધ્વારા પણ પારદર્શિતા અને જવાબદારીને જાહેર સત્તા મંડળની કામગીરીમાં ઉત્તેજન આપવા પર ભાર મુકવામાં આવેલ છે સાથે સાથે એ બાબત પણ ચરિતાર્થ કરવામાં આવેલ છે કે વાસ્તવમાં માહિતી જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન મર્યાદિત નાણાકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના અન્ય જાહેર હિતો સાથે સંઘર્ષમય બનાવે તેવી સંભાવતા વ્યકત કરી લોકશાહીના આદર્શોની સર્વોપરિતા જાળવવી રાખવા સાથે સંઘર્ષમય હિતોમાં સંવાહિતા જાળવવાની આવશયકતા પર પણ ભાર મુકેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે માંગેલી માહિતી બાબતે અપીલમાંની તેમની રજૂઆત સાથે કલમ–૧૧ અને કાયદાના આમુખથી થયેલ જોગવાઈને અનુલક્ષી પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના ઉદ્દેશથી અરજદારે માંગેલ ત્રાહિત પક્ષકારે રજૂ કરેલા દસ્તાવેજો સિવાયની કચેરી નોંધ અને પત્ર વ્યવહાર તુમારની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૧), ૭(૩) સાથે નિયત–પ હેઠળ ઠરાવેલ ફી ભરપાઈ કરી અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૧પ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સૂર્યકાંત બુધાભાઈ પાટીલ